Order Below Ex.1

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૦૦/૨૦૨૬ ના કામે આંક-૧ ની અરજી લગત હુકમ</u>-**

**(૧)** આ કામના અરજદારની અરજીની ટુંકમા હકિકત એવી છે કે, આ કામના અરજદાર રમેશભાઇ જીવણભાઇ સોલંકીની મુદ્દામાલ મારુતી સુઝુકી ઇકો જેના રજી. નં. GJ-11-CQ-5274 કે જેના એન્જીન નં. K12NN4430107 તથા ચેસીસ નં.MA3JDTO8WSDE68596 છે કે જે કેશોદ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૩૦૩૦૨૬૦૩૧૩/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૦૬ મુજબના ગુનાના કામે પોલીસે કબજે લીધેલ છે. સદરહું મુદ્દામાલ અરજદારનું હોય જેથી સદરહું મુદ્દામાલનો વચગાળાની કસ્ટડીથી પરત મેળવવા સારૂ અત્રેની કોર્ટમાં બી.એન. એન.એસની કલમ-૪૯૭ મુજબ હાલની આ અરજી અત્રેની કોર્ટમાં રજૂ કરેલ છે.

**(૧.૧)** આ કામે અરજદારે તેમની અરજીના સમર્થનમાં સોગંદનામું તથા આંક-૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ જેમાં માર્ક- ૩/૧ થી અરજદારના આધાર કાર્ડની નકલ, માર્ક-૩/૨થી આર.સી.બુકની નકલ, માર્ક-૩/૩થી એફ.આઇ.આર.ની નકલ, માર્ક-૩/૪થી વિમા પોલીસી, માર્ક-૩/૫થી કોટક મહીન્દ્રા પ્રાઇમનો નો-ઓબજેકશન લેટરની ખરી નકલ, આંક-૫/૧થી કોટક મહીન્દ્રા પ્રાઇમનો નો-ઓબજેકશન લેટર, આંક-૬થી સદરહું મુદામાલ અરજદારને સોંપવા અંગે આરોપીને વાંધો ન હોવા અંગેની નો કલેઇમ પુરસીસ રજૂ કરેલ છે.

**(૨)** આ કામે શ્રી સરકાર તરફે નોટીસ બજી જતાં, વિ.એ. પી.પી.શ્રી હાજર થયેલ છે અને અરજીનો વિરોધ કરતા જણાવે છે કે હાલના કામે કબજે કરવામાં આવેલ મુદામાલને જો પરત સોંપવામાં આવશે તો ફરીથી આવા ગુનામાં તેનો ઉપયોગ થઇ શકે તેવી પુરેપુરી શકયતા હોય સદરહુ મુદામાલ અરજદારને પરત ન સોંપવા જણાવેલ છે.

(૩) આ કામે બંન્ને પક્ષના વિ.વ.શ્રીની મૌખિક રજૂઆતો સાંભળી, તેમજ આંક-૧ ની અરજી તથા અરજીના સમર્થનમાં રજૂ દસ્તાવેજી પુરાવા તથા ત.ક.અમલદારનો અભિપ્રાય તથા સાથેના સાધનીક દસ્તાવેજો વંચાણે લીધા.

(૪) આ કામે બંન્ને પક્ષના વિ.વ.શ્રીઓની મૌખિક રજૂઆત તથા ત.ક. અધિકારીશ્રીનો મુદ્દામાલ અભિપ્રાય તથા રજૂ સાધનીક દસ્તાવેજો તથા રજૂ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાનમાં રાખી, આ કામે માર્ક-૩/૨થી આર.સી.બુકની નકલ, માર્ક-૩/૪થી વિમા પોલીસી, આંક-૫/૧થી કોટક મહીન્દ્રા પ્રાઇમનો નો-ઓબજેકશન લેટર, આંક-૬થી સદરહું મુદામાલ અરજદારને સોંપવા અંગે આરોપીને વાંધો ન હોવા અંગેની નો કલેઇમ પુરસીસ વંચાણે લેતા, મુદ્દામાલ મારુતી સુઝુકી ઇકો જેના રજી. નં. GJ-11-CQ-5274 કે જેના એન્જીન નં. K12NN4430107 તથા ચેસીસ નં.MA3JDTO8WSDE68596 આ કામના અરજદાર રમેશભાઇ જીવણભાઇ સોલંકીનું હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે, તેમજ તપાસમાં સદરહું મુદ્દામાલની જરૂરીયાત હોવાનો ત.ક.અધિકારીનો કોઇ અભિપ્રાય નથી. તેમજ સદરહું મુદ્દામાલ તેમનો હોવાનું જણાવેલ છે તે હકિકત અને સદર મુદ્દામાલ અંગે અન્ય કોઇએ ક્લેઇમ કરેલ નથી. વધુમાં આ બાબતે **સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નં. ૩૦૭** ના ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો ન્યાયીક રીતે ઝડપથી અમલ કરવા ઉપર ભાર મુકેલ છે. તે સંજોગોમાં રજૂ કરેલ પુરાવાઓને ધ્યાને લઇ, તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના મુદ્દામાલ બાબતના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લેતા, સદરહું ગુનાના કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબો સમય પડી રહે તો ન્યાયનો હેતું સરે તેમ ન હોય અને મુદ્દામાલ તે વાહન હોય જે લાંબો સમય પડી રહે તો તેના ટાયર, બેટરી, પાર્ટસને નુકશાન થાય તેમ છે. તેમજ સદરહું મુદ્દામાલ અરજદાર/આરોપીના દૈનિક જીવન જરૂરીયાતનું રોજીરોટીનું સાધન છે તથા ત.ક.અમલદારે પોતાના અભિપ્રાયમાં

મુદામાલ ન સોંપવા જણાવેલ છે પરંતુ સદર મુદામાલની તપાસના કામે જરૂરીયાત હોય તેવું જણાઈ આવતું નથી. જેથી ઉપરોક્ત તમામ હકિકતોને ધ્યાને લેતા, મુદ્દામાલને યોગ્ય રકમના જામીન અને શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય તેમ છે. જેથી ઉપરોક્ત તમામ ચર્ચાના અંતે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

– **<u>આ ખ રી હુ ક મ</u>** –

**(૧)** અરજદારની હાલની બી.એન.એન.એસની કલમ–૪૯૭ મુજબની મુદ્દામાલ પરત મેળવવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** કેશોદ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૩૦૨૬૦૩૧૩/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૦૬ મુજબના ગુનાના કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ મારુતી સુઝુકી ઈકો જેના રજી. નં. GJ–11–CQ–5274 કે જેના એન્જીન નં. K12NN4430107 તથા ચેસીસ નં.MA3JDTO8WSDE68596 ને સદરહું મુદ્દામાલની મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રૂા.૧૦૦/– ના નોન–જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કેશોદ પોલીસ સ્ટેશનના જવાબદાર ત.ક.અમલદાર સમક્ષ રજૂ કરી આપ્યેથી નીચેની શરતોને આધીન વચગાળાના સમય માટે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ત.ક.અમલદારે સદરહું મુદ્દામાલ પરત સોંપતી વખતે નામદાર સર્વોચ્ચ અદાલતે અનુસરવાના આપેલ માર્ગદર્શક સિદ્ધાંતનું પાલન કરીને મુદ્દામાલ પરત સોંપવો.

**<u>શરતોઃ</u>**–

**(એ)** અરજદારે સદરહું મુદ્દામાલ આ કેસનો નિકાલ થતા સુધી કોઈપણ રીતે વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય રીતે તબદિલ કરવો–કરાવવો નહીં.

Order Below Ex.1

**(બી)** અરજદારે કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી સદરહું મુદ્દામાલની યથાવત પરીસ્થિતી જાળવી રાખવી.

**(સી)** અરજદારે સદરહું મુદ્દામાલ આ કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યા વિના વિલંબે સ્વખર્ચે રજૂ કરવાનો રહેશે.

**(ડી)** અરજદારે સદરહું મુદ્દામાલનો ફરી ગુનાકીય પ્રવૃતિમાં વપરાશ કરવો નહી કે કરવા દેવો નહીં.

**(ઇ)** સદરહું મુદ્દામાલ પરત સોપ્યા બાદ તે અંગેના સાધનીક કાગળો ત.ક.અમલદારે સદરહું ગુનાની તપાસના કામે સામેલ રાખવા તથા મુદ્દામાલ પરત સોંપ્યા અંગેની જાણ અત્રેની અદાલતને કરવી.

**(એફ)** હુકમ મુજબ સબંધીત પોલીસ સ્ટેશને યાદી કરવી.

હુકમ આજ તા.રરમી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

કેશોદ.
તા.૨૨/૦૬/૨૦૨૬

( વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ )
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કેશોદ. જીજે૦૧૪૮૪